Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓનું ગાંધીવિચાર પ્રત્યેનું મનોવલણ

ડૉ. નિલેશ કાપડિયા
આસિસ્ટન્ટ પ્રોફેસર, હિન્દી શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
e-mail: nilesh.gvp@gmail.com (M) 9825709921

**સારાંશ**

ગાંધીવિચારમાં દરેક સમસ્યાઓની ચાવી નથી પણ એ જોવાની અને તેના ઉકેલ માટેની એક અનોખી પદ્ધતિ છે. નિરક્ષર થી ઊચ્ચ શિક્ષણ મેળવેલ લોકો ગાંધીજી વિશે અલગ મત અને મનોવલણ ધરાવે છે. તેમના વિશે સતત વિવાદો ઊભા થતા રહે છે. ગાંધીજીના એકાદશ વ્રતો, રચનાત્મક કાર્યક્રમો અને ગાંધીવિચાર પ્રત્યે ભાવિ શિક્ષકોના મનોવલણ જાણવા સંશોધકે પ્રયત્ન કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો :** શિક્ષક પ્રશિક્ષણાર્થી, ગાંધીવિચાર, મનોવલણ

વિશ્વના મહામાનવોમાં ગાંધીજીનો સમાવેશ થાય છે. તેમના વિશે પૂછાતા અનેક પ્રશ્નોમાં સૌથી વધુ ચર્ચાતો પ્રશ્ન છે 'ગાંધીજીના વિચારોની પ્રસ્તુતતા કેટલી?' ગાંધીજી અને એમના વિચાર અત્યારના આઇટી અને વૈશ્વિકીકરણના યુગમાં કેટલા યોગ્ય છે? તેમણે સમાજના વિવિધ પ્રશ્નો પર ઘણું લખ્યું છે. તેમાં ધર્મ, શિક્ષણ, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, કલા વગેરે માનવ જીવનને સ્પર્શતા તમામ વિષયોનો સમાવેશ થાય છે.

મૃત્યુના આટલા વર્ષો પછી પણ તેમના વિશે સતત ચર્ચા થતી રહે છે. ગાંધીજીની આઝાદી લડતને કારણે જે બ્રિટીશ શાસનનો સૂરજ કદી આથમતો નહોતો તેવી બ્રિટીશ સલ્તનત ખુદ આથમી ગઇ. ગાંધીના સત્યાગ્રહનો આદર્શ માર્ટીન લ્યૂથર કિંગ જુનિયર જેવા લોકશાહીના પ્રખર હિમાયતી અનેક આંદોલનકારીઓ માટે નવો રસ્તો ઊભો કર્યો હતો. ગાંધીજીના એકાદશ વ્રતો, રચનાત્મક કાર્યક્રમો અને ગાંધીવિચાર પ્રત્યે ભાવિ શિક્ષકોના મનોવલણ જાણવા સંશોધકે પ્રયત્ન કરેલ છે.

**અભ્યાસના હેતુઓ**

1. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ માટે ગાંધીવિચાર મનોવલણ માપદંડની રચના કરવી.
2. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેના મનોવલણ ચકાસવા.
3. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેના મનોવલણ જાતીયતાના સંદર્ભે તપાસવા.
4. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેના મનોવલણ તેમનાં રહેઠાણ વિસ્તાર, સામાજિક વર્ગ, શાળા પ્રકાર અને માતાપિતાના અભ્યાસના સંદર્ભે ચકાસવા.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ**

Ho1 પુરુષ અને સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર મનોવલણ માપદંડ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho2 ગ્રામીણ અને શહેરી રહેઠાણ વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર મનોવલણ માપદંડ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho3 અનામત અને બિનઅનામત વર્ગના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગાંધીવિચાર મનોવલણ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho4 બુનિયાદી પ્રવાહ અને સામાન્ય પ્રવાહની શાળાઓના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગાંધીવિચાર મનોવલણ માપદંડ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho5 શિક્ષક પ્રશિક્ષણાર્થીઓએ ગાંધીવિચાર મનોવલણ માપદંડ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો પર પિતાના અભ્યાસની અસર નહીં હોય.

Ho6 શિક્ષક પ્રશિક્ષણાર્થીઓએ ગાંધીવિચાર મનોવલણ માપદંડ પર મેળવેલ સરેરાશ પ્રાપ્તાંકો પર માતાના અભ્યાસની અસર નહીં હોય.

**અભ્યાસની ક્ષેત્રમર્યાદા**

પ્રસ્તુત અભ્યાસમાં ફક્ત ગૂજરાત વિદ્યાપીઠના પ્રશિક્ષણાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

**અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ગૂજરાત વિદ્યાપીઠનાં શિક્ષણ મહાવિદ્યાલય અને હિન્દી શિક્ષક મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ થયો હતો. વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ પાત્રોની વિગત સારણી -1.1 મુજબ છે.

**સારણી – 1.1**

**વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ પાત્રોની વિગત**

| ક્રમ | યુનિવર્સિટી | વિભાગ અને અભ્યાસક્રમ | કુલપાત્રો |
|---|---|---|---|
| 1 | ગૂજરાત વિદ્યાપીઠ | શિક્ષણ મહાવિદ્યાલય (બી.એડ્.) | 48 |
| 2 | | શિક્ષણ મહાવિદ્યાલય (એમ.એડ્.) | 47 |
| 3 | | હિન્દી શિક્ષક મહાવિદ્યાલય (હિન્દી બી.એડ્.) | 24 |
| | | કુલ | 119 |

નમૂના પસંદગી માટે સહેતુક નમૂના પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં વ્યાપવિશ્વ તરીકે ગૂજરાત વિદ્યાપીઠનાં શિક્ષણ મહાવિદ્યાલય અને હિન્દી શિક્ષક મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ થયો હતો. એટલેકે પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ એ

જ નમૂનો હતો. માહિતી એકત્રીકરણના દિવસે મહાવિદ્યાલયમાં હાજર રહેલાં બધાં જ પાત્રોનો નમૂનામાં સમાવેશ થયો હતો. વ્યાપવિશ્વમાં કુલ 119 પાત્રોનો સમાવેશ થયો હતો. જેમાં 38 પુરૂષો અને 81 સ્ત્રીઓનો સમાવેશ થયેલ હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે ગાંધીવિચાર મનોવલણ માપદંડની રચના કરવામાં આવી હતી. ગાંધી વિચારના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને 30 કલમ તૈયાર કરવામાં આવી. આ કલમોને આધારે માપદંડની રચના કરવામાં આવી. આ માપદંડને વિષય નિષ્ણાંતો તેમજ સંશોધન નિષ્ણાંતો દ્વારા ચકાસવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં કલમોનાં વિવિધ સ્વરૂપોમાંથી વલણ માપદંડ (લિકર્ટ પદ્ધતિ) પ્રકારની કલમો રચવામાં આવી હતી. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેના મનોવલણ જાણવા માટે 30 કલમોથી યુક્ત ગાંધીવિચાર મનોવલણ માપદંડ પર પ્રશિક્ષણાર્થીઓની પ્રતિક્રિયા મેળવવામાં આવી હતી. જેમાં પ્રત્યેક હકારાત્મક વિધાનની પાત્રની સંમતીની કક્ષા સંપૂર્ણ સંમંત, સંમંત, તટસ્થ, અસંમંત અને સંપૂર્ણ અસંમંત અનુસાર ક્રમશઃ 5, 4, 3, 2, 1 ગુણ આપવામાં આવ્યા હતા. પ્રત્યેક નકારાત્મક વિધાન માટે પાત્રની સંમતીની કક્ષા સંપૂર્ણ સંમંત, સંમંત, તટસ્થ, અસંમંત અને સંપૂર્ણ અસંમંત અનુસાર ક્રમશઃ 1, 2, 3, 4, 5 ગુણ આપવામાં આવ્યા હતા. આ રીતે પ્રત્યેક પાત્રનો દરેક કલમ માટેનો ગુણભાર શોધવામાં આવ્યો હતો. ઉપરાંત બધાં વિધાનોનો સરવાળો કરીને કુલ ગુણભાર શોધવામાં આવ્યો હતો. આમ આ માપદંડ પર પ્રશિક્ષણાર્થીઓ દ્વારા વધુમાં વધુ 150 ગુણ પ્રાપ્ત થઈ શકતા હતા.

ઉપકરણનું Cronbach's Alpha મૂલ્ય 0.72 હતું. જ્યારે Guttman Split-Half Coefficient મૂલ્ય 0.71 હતું જે ઉપકરણની વિશ્વસનીયતા દર્શાવે છે.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

સંશોધક દ્વારા રચિત ગાંધીવિચાર મનોવલણ માપદંડનો માહિતી એકત્રીકરણ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી પૃથક્કરણમાં વર્ણનાત્મક સાંખ્યિકી અને અનુમાનિત સાંખ્યિકીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વર્ણનાત્મક સાંખ્યિકીમાં પ્રાપ્ત પ્રાપ્તાંકોના આધાર પર સરાસરી, પ્રમાણ વિચલનનું માપન કરવામાં આવ્યું હતું. તથા અનુમાનિક સાંખ્યિકીમાં ટી-ગુણોત્તરની ગણના ઉત્કલ્પનાઓના પરીક્ષણ માટે કરવામાં આવી હતી. માહિતી પૃથક્કરણ MS EXCEL અને SPSS પ્રોગ્રામ વડે કરવામાં આવ્યું હતું.

**અભ્યાસનાં તારણો**

આ અભ્યાસનાં પરિણામ સ્વરૂપ નીચેનાં તારણો પ્રાપ્ત થયા.

1. ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની ગાંધીવિચાર મનોવલણ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી 85.97 હતી. આ બાબત દર્શાવે છે કે પ્રશિક્ષણાર્થીઓનું ગાંધીવિચાર પ્રત્યેનું મનોવલણ વિધેયાત્મક હતું.

2. ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષક પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેનાં મનોવલણ પર જાતિની અસર જોવા મળી હતી. પુરુષોની સરખામણીમાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓનું ગાંધીવિચાર પ્રત્યેનું મનોવલણ વધારે હકારાત્મક હતું.
3. પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેનાં મનોવલણ તેમના ગ્રામીણ અને શહેરી વિસ્તાર સાથે સંબંધિત ન હતા.
4. પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેનાં મનોવલણ તેમના અનામત અને બિનઅનામત વર્ગ સાથે સંબંધિત ન હતા.
5. પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેનાં મનોવલણ બુનિયાદી પ્રવાહ અને અન્ય પ્રવાહની શાળા સાથે સંબંધિત ન હતા.
6. પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેનાં મનોવલણ તેમના પિતાનાં અભ્યાસ સાથે સંબંધિત ન હતા.
7. પ્રશિક્ષણાર્થીઓના ગાંધીવિચાર પ્રત્યેનાં મનોવલણ તેમના માતાનાં અભ્યાસ સાથે સંબંધિત ન હતા.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશિક્ષણાર્થીઓનું ગાંધીવિચાર પ્રત્યેનું મનોવલણ ચકાસવામાં આવ્યું હતું. નિષ્કર્ષ સ્વરૂપે પ્રાપ્ત થયું કે માત્ર છ જ પ્રશિક્ષણાર્થીએ ગાંધીવિચાર મનોવલણ પર 60% થી ઓછા અંક પ્રાપ્ત કરેલ હતા. જેથી સિદ્ધ થયું કે મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓનું ગાંધીવિચાર પ્રત્યેનું મનોવલણ વિધેયાત્મક હતું.

પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે એ પણ જાણવા મળ્યું કે પ્રશિક્ષણાર્થીઓના રહેઠાણનો વિસ્તાર, સામાજિક વર્ગ, શાળાનો પ્રકાર અને માતાપિતાનો અભ્યાસ તેમના ગાંધીવિચાર પ્રત્યેના મનોવલણ સાથે સંબંધિત નથી. પ્રશિક્ષણાર્થીઓ માટે ગાંધીવિચાર જાગૃતિ કાર્યક્રમોના આયોજનમાં રહેઠાણનો વિસ્તાર, સામાજિક વર્ગ, શાળાનો પ્રકાર અને માતાપિતાના અભ્યાસને ધ્યાનમાં રાખવાની આવશ્યકતા નથી.

પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે જાણવા મળ્યું કે પ્રશિક્ષણાર્થીઓની જાતિ તેમના ગાંધીવિચાર પ્રત્યેના મનોવલણ સાથે સંબંધિત છે. તેથી ભાવિ પ્રશિક્ષણ કાર્યક્રમો તેમજ શૈક્ષણિક કાર્યક્રમો દરમિયાન સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ તાલીમ આપવાની જરૂરિયાત છે.

**ઉપસંહાર**

સદીઓથી મહામાનવો સાથે અન્યાય થતો આવ્યો છે. આપણે તેમના શાશ્વત વિચારોને સમજતા નથી અથવા તેનું મનઘડંત અર્થઘટન કરીએ છીએ. કાળના પ્રવાહ સાથે તત્કાલીન વિચારોને નવી દૃષ્ટિથી મૂલવવા જોઈએ. નવી પેઢી ગાંધીવિચારને સમજતી નથી અથવા તેમના પ્રત્યેનું મનોવલણ નકારાત્મક છે તેવું આ અભ્યાસથી ફલિત થતું નથી. આપણી કથની અને કરણી વચ્ચેનો ભેદ ઘટશે તેટલા પ્રમાણમાં ગાંધીવિચાર વધશે.

**સંદર્ભસૂચિ**

John Best & Kahn. (2003). Research in Education. New Delhi; Prentice-Hall of India

ઉચાટ, દિ.(2009). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. અમદાવાદ: સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.

ગાંધીજી, (1938). કેળવણીનો કોયડો. અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદીર.

ગાંધીજી, (1950). પાયાની કેળવણી. અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદીર.

જોશી, ભ.(2011). ગુણાત્મક સંશોધન અને તેની રજૂઆત. અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.

ઝાલા, (2009). માધ્યમિક શિક્ષક પ્રશિક્ષકોનું શિક્ષક વ્યવસાય પ્રત્યેનું મનોવલણ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

પટેલ, મ.(1999). ગાંધીજીનું શિક્ષણદર્શન. અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદીર.

પાનસુરીયા, (1981). માધ્યમિક શાળાના શિક્ષકો અને શિક્ષિકાઓના સ્ત્રીઓ તરફના વલણનો અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

પ્રભુ આર.કે. અને રાવ યૂ.આર.(2000). મહાત્મા ગાંધીના વિચારો. દીલ્હી: નેશનલ બુક ટ્રસ્ટ.

મહેતા, (1980). માધ્યમિક શાળાના શિક્ષકોનું પછાતવર્ગના વિદ્યાર્થીઓ તરફનું વલણ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

શાહ, દીપીકા બી.(2004). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

સિંધવ, (2011). પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેનાં મનોવલણ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ,ગુજરાત યુનિવર્સિટી.

ત્રિવેદી મનુભાઈ ડી. અને પારેખ બી.યુ., (1994,ચતુર્થ આ.). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.